નં.ક/વહટ/વશી/ ૩૮૩૨/૧૬

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
બનાસકાંઠા પાલનપુર, તા.૧૯/૦૬/૨૦૧૮

## હુકમ

આથી બનાસકાંઠા જીલ્લાના નિચે જણાવેલ સંબંધીત અધિકારીશ્રીઓને હુકમ કરવામાં આવે છે કે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં બનાસકાંઠા જીલ્લામાં " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગી થતાં બનાસકાંઠા જીલ્લામાં બાળ અધિકારો માટે કાર્યરત તમામ પ્રકારની સરકારી સુવિધાઓ , યોજનાકીય લાભો , માર્ગદર્શન તથા બાળ સુરક્ષાની તમામ બાબતો બનાસકાંઠા જીલ્લાના તમામ તાલુકાઓમાં તાલુકા સ્તરેથી તાલુકાના તમામ બાળકો અને તાલુકાના ગ્રામજનોને મળી રહે તે માટે દરેક તાલુકમાં તાલુકા સ્તરે યુનિસેફ તથા સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" શરૂ કરવામાં આવનાર છે, આ સેન્ટર દરેક તાલુકાઓમાં નિચે જણાવેલ કોષ્ટક મુજબ નિચે જણાવેલ શરતોને આધીન તાલુકા અથવા પ્રાંત કક્ષાના સંબંધીત અધિકારીશ્રીઓએ કચેરીની ફાળવણી કરી શરૂ કરવાના રહેશે.

| ક્રમ | તાલુકાનું નામ | નક્કી થયેલ જગ્યાની કચેરીનું નામ |
|---|---|---|
| ૦૧ | સુઇગામ | પ્રાંત કચેરી, સુઇગામ ખાતે |
| ૦૨ | ભાભર | જન સેવા કેન્દ્ર, ભાભર ખાતે |
| ૦૩ | વાવ | જુની પેટા તીજોરી કચેરી, વાવ ખાતે |
| ૦૪ | થરાદ | પ્રાંત કચેરી, થરાદ ખાતે |
| ૦૫ | લાખણી | મામલતદાર કચેરી, લાખણી ખાતે |
| ૦૬ | ધાનેરા | જન સેવા કેન્દ્ર, ધાનેરા ખાતે |
| ૦૭ | દાંતીવાડા | જન સેવા કેન્દ્ર, દાંતીવાડા ખાતે |
| ૦૮ | દિયોદર | મામલતદાર કચેરી, દિયોદર ખાતે |
| ૦૯ | કાંકરેજ | જન સેવા કેન્દ્ર, શિહોરી ખાતે |
| ૧૦ | ડીસા | મામલતદાર કચેરી, ડીસા ખાતે |
| ૧૧ | વડગામ | જન સેવા કેન્દ્ર અથવા BRC ભવન, વડગામ ખાતે |
| ૧૨ | અમીરગઢ | જુની પેટા તેજોરી કચેરી, અમીરગઢ ખાતે |
| ૧૩ | દાંતા | મામલતદાર કચેરી, દાંતા ખાતે |
| ૧૪ | પાલનપુર | મામલતદાર કચેરી, પાલનપુર ખાતે |

શરતો :-

1. જીલ્લાના કુલ – ૧૪ તાલુકાઓમાં ઉપરોક્ત દર્શાવેલ કોષ્ટક મુજબના તાલુકા કક્ષાના અથવા પ્રાંત કક્ષાના સંબંધીત અધિકારીશ્રીઓએ તેમના કાર્યક્ષેત્રના તાલુકાઓમાં " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન

રિસોર્સ સેન્ટર" શરૂ કરવા માટે વિજળીની સુવિધા ધરાવતો બે ખુરશી અને બે ટેબલ સાથેનો એક રૂમ જ્યાં લોકોની વધુ અવર જવર રહેતી હોય તેવી જગ્યાએ ફાળવવાનો રહેશે.

2. તાલુકા કક્ષાના દરેક " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" માં બે કર્મચારીઓની નિયુક્તી જે તે તાલુકા માટે યુનિસેફ દ્વારા નક્કી કરાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવાની રહેશે તથા તેમને મહેનતાણુ પણ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચુકવવામાં આવશે, જેમાં સરકારશ્રીની કોઇ નાણાકીય જવાબદારી રહેશે નહી.
3. બનાસકાંઠા જીલ્લાના કુલ - ૧૪ તાલુકા પૈકી કુલ - ૭ તાલુકા જેમાં અમીરગઢ. દાંતીવાડા, થરાદ, ધાનેરા, લાખણી, વાવ અને સુઇગામ તાલુકાઓ માટે સંવેદના ટ્રસ્ટ, વિરમપુર સ્વૈચ્છિક સંસ્થા તથા અન્ય ૭ તાલુકા જેમાં પાલનપુર, વડગામ, દાંતા, ડીસા, કાંકરેજ, દિયોદર અને ભાભર તાલુકાઓ માટે લોક સેવા શિક્ષણ વિકાસ ટ્રસ્ટ, દાંતા સ્વૈચ્છિક સંસ્થાની પસંદગી યુનિસેફ દ્વારા નક્કી કરાયેલ છે તેથી જે સ્વૈચ્છિક સંસ્થાઓ પસંદ કરાયેલ તે સ્વૈચ્છિક સંસ્થાઓએ જે તે તાલુકાઓમાં કર્મચારીઓ ફાળવી આપવાના રહેશે તથા નક્કી કરાયા મુજબની કામગીરી તાલુકા કક્ષાએ કરવાની રહેશે. ( નોધ :- અમીરગઢ, કાંકરેજ અને દિયોદર તાલુકાઓમાં આ અગાઉ કામગીરી કરવામાં આવેલ હોઇ આ તાલુકાઓના " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર " માં એક કર્મચારીની નિયુક્તિ કરવાની રહેશે )
4. જીલ્લામાં શરૂ કરવામાં આવનાર તમામ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" નું સંપુર્ણ મોનીટરીં કલેક્ટરશ્રી – બનાસકાંઠાના માર્ગદર્શન હેઠળ જીલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા કરવાનું રહેશે.
5. જે - તે તાલુકા માટે પસંદગી પામેલ સ્વૈચ્છિક સંસ્થાઓએ જે તે તાલુકાઓમાં " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" દ્વારા થયેલ કામગીરીનુ મંથલી રીપોર્ટીંગ જીલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી તથા જીલ્લા કક્ષાના યુનિસેફના અધિકારીશ્રીને કરવાનું રહેશે.
6. જીલ્લામાં શરૂ કરવામાં આવનાર તમામ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" ને તમામ પ્રકારનો ટેકનિકલ અને નાણાકીય સપોર્ટ યુનિસેફ - ગાંધીનગર દ્વારા પુરો પાડવાનો રહેશે.
7. જીલ્લામાં શરૂ કરવામાં આવનાર તમામ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" જ્યાં સુધી રાજ્ય સરકાશ્રી દ્વારા આ પ્રોજેક્ટ ચલાવવામાં આવે ત્યાં સુધી ચલાવવામાં આવશે, પ્રોજેક્ટ પુર્ણ થયા બાદ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" માટે ફાળવવામાં આવેલ જગ્યા અને ફાળવેલ ખુરશી અને ટેબલ નો કબ્જો પરત કરવાનો રહેશે.
8. જીલ્લામાં શરૂ કરવામાં આવનાર તમામ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" માટે તાલુકા કક્ષાએ ફાળવેલ જગ્યાઓ અનિવાર્ય સંજોગોમાં જે તે તાલુકા કક્ષાના અથવા પ્રાંત કક્ષાના સંબંધીત અધિકારીશ્રી દ્વારા ફેરબદલ કરી શકાશે.
9. જીલ્લામાં શરૂ કરવામાં આવનાર તમામ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" નો મુખ્ય હેતુ પાર પડે તે માટે જે તે તાલુકા કક્ષાના અથવા પ્રાંત કક્ષાના સંબંધીત અધિકારીશ્રીઓ એ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" ને અને નક્કી કરાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓને જરૂરી તમામ પ્રકારની મદદ કરવાની રહેશે.

10. ૦ થી ૧૮ વર્ષના બાળકોના અધિકારોના વિકાસ અને સંરક્ષણ સંબંધીત કામ કરતા જીલ્લા કક્ષાના તથા તાલુકા કક્ષાના તમામ વિભાગો / કચેરીઓએ તેમની કામગીરી સંબંધીત જરૂરી તમામ પ્રકારની મદદ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" અને તેના કર્મચારીઓને કરવાની રહેશે.

11. જીલ્લામાં શરૂ કરવામાં આવનાર તમામ " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" એ બાળ અધિકારોના રક્ષણ માટેની અતિ મહત્વની કામગીરી હોઇ તેને પુરતુ મહત્વ તાલુકા કક્ષાના અથવા પ્રાંત કક્ષાના સંબંધીત અધિકારીશ્રીઓએ તથા આ સેન્ટરની કામગીરી સાથે જોડાયેલ તમામ અધિકારીશ્રીઓએ આપવાનું રહેશે.

ઉપ્રોક્ત જણાવેલ શરતો મુજબ જીલ્લામાં શરૂ કરવામાં આવનાર " ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટર" ની તમામ બાબતો અંગે સંબંધીત તાલુકા અને પ્રાંત કક્ષાના અને જીલ્લા કક્ષાના અધિકારીશ્રીઓએ તેનો અમલ કરવા આથી હુકમ કરવામાં આવે છે, જેનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ

બનાસકાંઠા

ક્રમાંક આ.શિ.૩/પરિપત્ર/૨૯૬૫૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૨૯-૬-૨૦૧૫

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી/નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ, પાલનપુર
બનાસકાંઠા.